॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

"અમૃત વચન"
પરમાત્માનાં સાંનિધ્યનો અનુભવ મોટામાં મોટા ભયનો પણ અંત લાવે છે.

# પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR
GENERAL OF INDIA (PRGI)
Registration Number
GJGUJ/25/A2764

Published Day : Wednesday
Price : 2 /-

Annual Subscription
Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 01, Issue: 24, Dt. 15/04/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat

# પાલિકાના ઉમેદવારો માટે આત્મ વિચાર અને આત્મ દર્શન

નગરપાલિકાની ચૂંટણી હવે સાવ નજીક આવી રહી છે. વિવિધ પક્ષો દ્વારા અને વ્યક્તિગત રીતે પણ એ માટેનું પ્રચાર કાર્ય ચાલુ છે. જો કે એક વાત સારી છે કે આ બહાને ઉમેદવારોને પ્રજાનો સાક્ષાત્કાર થાય છે અને પ્રજાને પણ વિવિધ પક્ષોની  નીતિરીતિની ખબર પડે છે. પ્રજાના પ્રતિનિધિઓ એકવાર ચૂંટાઈ જાય પછી પ્રજાથી વિમુક્ત અને વિમુખ થઈ જતા હોવાના દાખલા હજારોની સંખ્યામાં છે. તેઓ એક વિચરતી જાતિ બની જાય છે ને પૈસા પાછળ ભટકતા રહે છે. ગામ બધું જોયા કરે છે. એક જમાનો હતો કે જ્યારે નેતાઓ પ્રજાની વચ્ચે જ રહેતા. સાંજે નેતાને ઘરે મળવા જઈએ તો પણ આજુબાજુ સો - બસોના ટોળા હોય અને કોઈ પ્રશ્ન લઈને જ બેઠા હોય. પ્રશ્ન ઉકેલતા હોય, સરકારમાં ક્યાંક ભલામણ ચિઠ્ઠી લખતા હોય, કોઈને ફોન કરતા હોય, આવી રીતે આપણે જૂની પેઢીના નેતાઓને જોયેલા છે. આપડા પોતાના સૌથી મોટા ગજાના રાજનેતા ને પ્રખર ગાંધીવાદી શ્રી લલ્લુભાઈ શેઠની પરંપરામાં ચાલ્યું આવતું ગામ છે આ સાવરકુંડલા. લલ્લુભાઈએ સાવરકુંડલામાં રાજકારણના ઉચ્ચતમ સંસ્કારો પ્રસ્થાપિત કરેલા છે. આપણે ક્યાંય બીજે બોધ લેવા જવાની જરૂર નથી. બીજાએ આપડે ત્યાં આવીને શીખવાની જરૂર છે. આપણે દુનિયાના કોઈ આદર્શોને અનુસરવાની જરૂર નથી. આપણી પાસે આપણા પોતાના આદર્શો છે, એને અનુસર્યા એટલે બસ અને જરૂરી નથી કે આપણે સો ટકા અનુસરીએ. બે ટકા પાંચ ટકા તો અનુસરણ કરી શકીએ.




**યે પબ્લીક હૈ સબ જાનતી હૈ**

**તંત્રી સ્થાનેથી...**
સૌરભ પી. દોશી
તંત્રી, પદ્મ પ્રકાશ કુંજ

ને અત્યારે રાજકારણમાં સજ્જનોનો એટલો દુષ્કાળ છે કે જો ઉમેદવાર જરાક જેટલું સારું કામ કરશે ને તો પ્રજા રાજી રાજી થઈ જશે. દુષ્કાળના દિવસોમાં એક નાની મીઠી વીરડી પણ બહુ થઈ જાય. લોકો રાજી થઈ જાય. પહેલા તો એવા નમૂના પણ આપણી પાસે હતા. ફલાણા ધારાસભ્ય છે તે તો પગાર જ લેતા નથી. કેટલાક લોકો પોતાના પગાર અનાથાશ્રમમાં જમા કરાવી દેતા હતા. તો કોઈ વળી વૃદ્ધાશ્રમમાં આપતા હતા. કેટલાક ધારાસભ્યો પોતાના પગારમાંથી ગરીબ વિદ્યાર્થીઓને ભણાવતા હતા. એમની કોલેજની ને હોસ્ટેલની ફી ચૂકવતા હતા.

ભ્રષ્ટાચારનો રાજરોગ બધાને લાગુ પડી ગયો છે. જે ઉમેદવારોને સજ્જનતા પ્રત્યે પ્રીતિ ન હોય અને પોતાનું આગામી જીવન પવિત્ર પસાર કરવાનો સંકલ્પ ન હોય એમણે કોઈ પણ રીતે ફોર્મ ભરવું જ ન જોઈએ. હવે એવા છાપેલા કાટલાઓની જરૂર જ નથી. કારણ કે ઘણા બધા લોકો બદનામ છે એમાં વધુ બદનામ લોકોનો ઉમેરો કરવા માટે જો તમે ફોર્મ ભરવાના છો તો તેનો શું મતલબ છે? અથવા તમારા પોતાના કોઈ અંગત એવા સપના હોય કે હમણાં ગાડી આવી જશે... ફાર્મ હાઉસ થઈ જશે.... થોડા પ્લોટો અને જમીનો લેવાઈ જશે.... તો એવા ખુશનુમા ખ્યાલ ધરાવનારાઓએ સીધી ધાડ પાડવી પણ લોકશાહીને અપવિત્ર ન કરવી. એવા ભેદી મનસુબા ધરાવનારાઓએ રાજકારણમાં ન આવવું જોઈએ. સારી વાત એ છે કે તે માટે તમારે ઉદ્યોગ ક્ષેત્રમાં ઝમ્પલાવવું જોઈએ. મહેનત કરવી જોઈએ અને કુંડલા તો ત્રાજવાનું ગામ છે. તમને ત્રાજવે હોય તોળ્યા વગર નહીં છોડે. અને એકવાર ત્રાજવે ચઢાવશે એટલે લોકમાન્યતાનો કાંટો છે એ વજન દેખાડશે. ગામના કાંટામાં તમારું વજન દેખાશે કે તમે માઇનસમાં છો કે પ્લસમાં છો અને તમારું ચરિત્ર હલકું છે કે ભારે છે. બધી ખબર પડી જશે. માટે થોડો વિચાર કરીને ફોર્મ ભરજો. ઉતાવળમાં ફોર્મ નહિ ભરતા. ફોર્મ ભરવાનો અર્થ છે કે આપણા જીવનને ગામના ચોકમાં ખુલ્લું મૂકવું. ગમે તેટલો પ્રયત્ન કરશો કંઈ હવે ગુપ્ત રહી નહિ શકે. પ્રજાના નૈન હજાર છે.

## સાવરકુંડલા ભાજપનાં વોર્ડ નં. ૨ નાં જાગૃત ઉમેદવારો



અરવિંદભાઈ શામજીભાઈ મેવાડા



ભુપતભાઈ મોહનભાઈ ચુડાસમા



ગૌરીબેન પ્રતિકભાઈ નાકરાણી



ભારતીબેન ઘનશ્યામભાઈ (કાળુભાઈ) ખુમાણ

આપ, લોકોએ છેલ્લા ૫ વર્ષનું ભાજપનું શાસન જોયું જ છે. જ્યારે કેન્દ્ર સરકારમાં ભાજપ, રાજ્યમાં ભાજપ તો સાવરકુંડલામાં પણ વિકાસ માટે ભાજપ જ જોઈએ...

સાવરકુંડલા શહેર જે વિકાસની તરફ દોટ કરી રહ્યું છે ત્યારે આપણે પણ આ વિકાસમાં મતદાનરૂપી સહયોગથી સહભાગી થઈએ.....

સબ કા સાથ, સબકા વિકાસ

# વેકેશન પડી ગયું!

## નાના છોકરાઓને મોબાઈલથી દૂર રાખીને મજાનો વેકેશન કેવી રીતે બનાવવો?

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અરે વાહ! સ્કૂલના બેલ વાગ્યા અને વેકેશનના બેલ વાગી ગયા! નાના છોકરાઓ હવે ઘરમાં "હુર્રે!" કરતા ફરી રહ્યા છે. પણ વાલીઓના મગજમાં એક જ વાત ઘુમરાતી હશે "આ બધી ઊર્જા મોબાઈલમાં ક્યાંક અટવાઈ ન જાય!" ચિંતા ન કરો. આ વેકેશનને મોબાઈલ-ફ્રી, મજા-ભર્યું અને યાદગાર બનાવવાની સરળ અને મજેદાર યોજના અહીં છે. બાળકોને શું કરવું અને શું ન કરવું બંનેની સ્પષ્ટ સૂચિ સાથે!### બાળકોએ આ વેકેશનમાં જરૂર કરવું (આ કરશો તો વેકેશન સુપરહીટ!)

1. રોજ બહાર રમવું - પાર્કમાં ક્રિકેટ, ફૂટબોલ, સાયકલ ચલાવવી, લગડી કે પત્તાંની રમત. ઘરની બહાર એક કલાક પણ પૂરતો છે. પરસેવો પાડો, ધૂળમાં રમો આ જ છે સાચી "વેકેશન વાઈબ"!

2. પુસ્તકોની દુનિયામાં ખોવાઈ જવું - કાર્ટૂન બુક, વાર્તા પુસ્તક કે કોમિક્સ. રોજ ૨૦-૩૦ મિનિટ વાંચન = મગજ તેજ અને કલ્પનાશક્તિ વધે.

3. કંઈક નવું બનાવવું - કાર્ડબોર્ડથી રોકેટ, પેપરથી કાગળની હોડી, રંગોની પેન્ટિંગ. રસોડામાં મમ્મીને મદદ કરીને કેક કે નાસ્તો બનાવવો પણ મજા આવે છે!

4. ઘરના કામમાં મદદ કરવી - પોતાનું બેડ સાફ કરવું, બાગમાં પાણી પાવું, મમ્મી-પપ્પાને ચાનો કપ આપવો. આટલું કરવાથી બાળકને "હું મોટો થયો છું" એવો અહેસાસ થાય છે.

5. ફેમિલી ટાઈમ - સાંજે સાથે બેસીને લુડો, સ્નેક એન્ડ લેડર, કાર્ડ ગેમ અથવા પિકનિક પર જવું. મમ્મી-પપ્પા સાથે વાતો કરવી એ સૌથી મોટો "સ્ક્રીન-ફ્રી" આનંદ છે!

આ વેકેશનમાં ના કરવું (આ કરશો તો વેકેશન બગડી જશે!)-

મોબાઈલ/ટેબ્લેટ/યુટ્યુબ પર ૧ કલાકથી વધુ સમય નહીં (અને એ પણ દિવસમાં એક જ વાર).

- રાત્રે ૧૦ વાગ્યા પછી મોબાઈલ હાથમાં લેવો નહીં (આખી રાત "જસ્ટ એક વીડિયો" ચાલતો રહે છે એ ખતરનાક છે!).

- સવારે ૯ વાગ્યા સુધી સૂઈ રહેવું નહીં વેકેશનમાં પણ રૂટીન જાળવો.

- જંક ફૂડ અને કોલ્ડ ડ્રિંક્સ વધારે પડતા નહીં તેના કરતા ઘરના ફળ, શેકેલા ચણા કે પનીર ટિક્કા વધુ મજાના!

મોબાઈલથી દૂર રાખવાની ૫ મજેદાર ટ્રિક્સ (વાલીઓ માટે)

1. વેકેશન ટાઈમ ટેબલ - બનાવો અને ફ્રિજ પર ચોંટાડો. ઉદા. ૮-૯ સવારે રમત, ૧૦-૧૧ વાંચન, ૪-૫ બહાર રમત... બાળકને પોતે જ ટેબલ જોવાની આદત પડે.

2. મોબાઈલ માટે "ટિકિટ સિસ્ટમ" - દરેક સારા કામ માટે ૧ સ્ટાર. ૫ સ્ટાર = ૩૦ મિનિટ મોબાઈલ. આમ બાળક પોતે કમાઈને મોબાઈલ મેળવે મોજ આવે!

3. મોબાઈલને "છુપાવી દો"- વેકેશનમાં મોબાઈલને એક ખાનામાં લોક કરી દો. કી પપ્પા પાસે. સાંજે માત્ર ૩૦ મિનિટ માટે ખોલવું.

4. પપ્પા-મમ્મી પણ જોડાઈ જાઓ - તમે પણ સ્ક્રીન છોડીને બાળક સાથે રમો. જો તમે મોબાઈલમાં હશો તો બાળક પણ તે જ કરશે આ સૌથી મોટી સચ્ચાઈ!

5. રોજ એક "નો-સ્ક્રીન ડે" અઠવાડિયામાં એક દિવસ સંપૂર્ણ મોબાઈલ-ફ્રી. તે દિવસે બહાર જવું, ફિલ્મ જોવા જવું કે ઘરમાં મોટી ગેમ રમવી.વાલીઓ, વેકેશન એ બાળકનું મગજ અને શરીર બંનેને તાજગી આપવાનો સમય છે. મોબાઈલ એ માત્ર એક સાધન છે, જીવન નથી. જો આજે તમે બાળકને બહાર રમાડશો, વાંચાવશો અને સાથે હસશો તો આ વેકેશન ૧૦ વર્ષ પછી પણ યાદ રહેશે.તો... મોબાઈલને ચાર્જરમાં લગાવી દો અને બાળકને જીવનમાં ચાર્જ કરો!

* તમારા નાના ચેમ્પિયનને આ વેકેશન સુપર મજાનું બનાવો. હેવી વેકેશન, હેલ્ધી બાળકો અને હેપ્પી વાલીઓ!



## સાવરકુંડલામાં 'હિન્દવ: સોદરા સર્વે'ના નાદ સાથે ઉમટ્યો જનમેદનીનો સાગર: ડૉ. આંબેડકર સમરસતા યાત્રાનું ઐતિહાસિક સ્વાગત

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા:વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સામાજિક એકતાનો પવન ફૂંકી રહેલી *`ડૉ. ભીમરાવ આંબેડકર સામાજિક સમરસતા યાત્રા`* જ્યારે સાવરકુંડલાના આંગણે પહોંચી, ત્યારે શહેરના રાજમાર્ગો પર માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. *"હિન્દવ: સોદરા સર્વે"* (તમામ હિન્દુઓ સમાન છે, કોઈ પરકું નથી) ના મંત્રને સાર્થક કરતી આ યાત્રાએ નગરના વાતાવરણને ભક્તિ અને રાષ્ટ્રવાદના રંગે રંગી દીધું હતું.

આ યાત્રા વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાત ક્ષેત્રના સમરસતા પ્રમુખ શ્રી રસેશભાઈ રાવલના સીધા માર્ગદર્શન અને અધ્યક્ષતા હેઠળ આગળ વધી રહી છે. શ્રી રાવલના તેજસ્વી વક્તવ્ય અને માર્ગદર્શન હેઠળ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય જ્ઞાતિ-જાતિના ભેદભાવ દૂર કરી હિન્દુ સમાજને સંગઠિત કરવાનો છે.સાવરકુંડલાના મુખ્ય ચોક અને રાજમાર્ગો પર જ્યારે યાત્રાનો પ્રારંભ થયો ત્યારે ગગનભેદી સૂત્રોચ્ચાર અને ધર્મધજાઓ સાથે નીકળેલી શોભાયાત્રામાં યુવાનો, વડીલો અને માતૃશક્તિ મોટી સંખ્યામાં જોડાયા હતા.આ શોભાયાત્રાના માર્ગમાં ઠેર-ઠેર સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા પુષ્પવર્ષા કરી યાત્રાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા અને રથને નગરજનોએ ભાવપૂર્વક વંદન કર્યા હતા. "સમાજમાં ઊંચ-નીચના કૃત્રિમ ભેદભાવોને નેસ્તનાબૂદ કરી એકાત્મતાનું નિર્માણ કરવું એ જ આ યાત્રાનું લક્ષ્ય છે. બાબા સાહેબના સમાનતાના સપનાને સાકાર કરવા માટે હિન્દુ સમાજનું સંગઠિત હોવું અનિવાર્ય છે." શ્રી રસેશભાઈ રાવલ* (સમરસતા પ્રમુખ, ગુજરાત ક્ષેત્ર) આ યાત્રાને સફળ બનાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદની મજબૂત ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ પ્રસંગે યાત્રા સંયોજક શ્રી આલકુભાઈ ખુમાણ, જિલ્લા અધ્યક્ષ શ્રી વિપુલભાઈ પરમાર, અને જિલ્લા ઉપાધ્યક્ષ **શ્રી મગનભાઈ બારૈયા*ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

સાથે જ જિલ્લા સહ મંત્રી *શ્રી વિનોદભાઈ પરમાર, ધર્માચાર્ય સંપર્ક પ્રમુખ શ્રી સુમિતભાઈ મશરૂ, જિલ્લા સામાજિક સમરસ સંયોજક શ્રી પ્રીતેશભાઈ તથા સાવરકુંડલા નગર મંત્રી શ્રી જતીનભાઈ ઠાકર સહિતના પદાધિકારીઓએ ખભેખભા મિલાવી યાત્રાનું સુચારુ સંચાલન કર્યું હતું. સ્થાનિક સાધુ-સંતો અને અગ્રણીઓએ પણ ઉપસ્થિત રહી હિન્દુ હિન્દુ ભાઈ ભાઈ જાત પાત કી કરો વિદાઈ ના નારા સાથે સામાજિક સમરસતા ના શપથ લીધા હતા.



## વિશ્વ હિન્દુ પરિષદની સામાજિક એકતાની મશાલ સાવરકુંડલા પહોંચી: પુષ્પવર્ષા અને જયઘોષ સાથે નગરજનોએ વધાવી 'સમરસતા યાત્રા'

## સૂરોનો સંગમ અને સૌરાષ્ટ્રનું સ્નેહ-બંધન:

# મંગેશકર ભગિનીઓ અને અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોરંગી ગામના મહેશભાઈની અનોખી ગાથા



ભારતીય સંગીત જગતની બે અનમોલ વિભૂતિઓ એટલે લતા મંગેશકર અને આશા ભોંસલે. જેમનો અવાજ દાયકાઓથી કરોડો દિલો પર રાજ કરે છે. પરંતુ, આ સૂર સામ્રાજ્ઞીઓના જીવનના પડછાયાની જેમ જે વ્યક્તિ 45 વર્ષ સુધી સાથે રહ્યા, તે આપણા ગૌરવશાળી ગુજરાતના અને ખાસ કરીને અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના મોરંગી ગામના મહેશભાઈ રાઠોડ છે. આ લેખમાં આપણે લતા દીદી અને આશા દીદીના જીવનના સંઘર્ષ, સફળતા અને તેમના વિશ્વાસુ 'ગુજરાતી સારથિ' મહેશભાઈ સાથેની આત્મીયતાની વાત કરીશું.



નાવલી લાઈવ

લેખક-મહેન્દ્ર બગડા

લતા દીદી અને આશાજી: એક જ સિક્કાની બે બાજુલતા મંગેશકર અને આશા ભોંસલે વચ્ચેનો સંબંધ સંગીતના સાત સૂરો જેવો અતૂટ રહ્યો છે. જો લતા દીદીનો અવાજ ગંગા જેવો પવિત્ર અને શાંત હતો, તો આશાજીનો અવાજ પર્વત પરથી પડતા ઝરણા જેવો ચંચળ અને આધુનિક હતો.હિટ ગીતોની હારમાળા:લતા મંગેશકર: 'લગ જા ગલે', 'એ મેરે વતન કે લોગોં', 'પ્યાર કિયા તો ડરના ક્યા'.આશા ભોંસલે: 'દમ મારો દમ', 'પિયા તુ અબ તો આજા', 'ઈન આંખો કી મસ્તી કે'.

રસપ્રદ કિસ્સાઓ: જ્યારે સૂર મળ્યા...એવું કહેવાય છે કે રેકોર્ડિંગ સ્ટુડિયોમાં જ્યારે બંને બહેનો સાથે હોય ત્યારે વાતાવરણ એકદમ હળવું રહેતું. લતા દીદી શિસ્તના આગ્રહી હતા, જ્યારે આશાજી થોડા મજાકિયા. એકવાર આશાજીએ મજાકમાં કહેલું, "દીદી એટલું પરફેક્ટ ગાય છે કે મારે વધુ મહેનત કરવી પડે છે!" લતા દીદીના મનપસંદ શોખમાં ફોટોગ્રાફી અને ક્રિકેટ હતા, જ્યારે આશાજીને રસોઈ બનાવવાનો ભારે શોખ.

અમરેલી કનેક્શન: મહેશભાઈ રાઠોડ  એક અતૂટ વિશ્વાસઆ મેગેઝીન લેખનો સૌથી મહત્વનો અંશ એ છે કે, મુંબઈના આલીશાન 'પ્રભુકુંજ' નિવાસસ્થાનમાં વર્ષો સુધી એક ગુજરાતી અવાજ ગુંજતો રહ્યો છે. અમરેલીના રાજુલા તાલુકાના નાનકડા મોરંગી ગામના મહેશભાઈ રાઠોડ છેલ્લા 45 વર્ષથી મંગેશકર પરિવારના મુખ્ય સહાયક તરીકે સેવા આપી રહ્યા છે.

લતા દીદીના પડછાયા સમાન: મહેશભાઈ માત્ર પર્સનલ આસિસ્ટન્ટ નહોતા, પણ પરિવારના સભ્ય જેવા હતા. લતા દીદીના ભોજનથી લઈને તેમની દવાઓ અને મુસાફરીના શિડ્યુલ સુધીનું બધું જ ધ્યાન મહેશભાઈ રાખતા. દીદીને તેમના પર એટલો વિશ્વાસ હતો કે કોઈપણ મહત્વના કામમાં મહેશભાઈની હાજરી અનિવાર્ય રહેતી.

સંબંધોનું સાતત્ય: લતા દીદીના નિધન બાદ, મહેશભાઈએ આશા ભોંસલેના મુખ્ય સહાયક તરીકે જવાબદારી સંભાળી. આ દર્શાવે છે કે મંગેશકર પરિવાર માટે આ ગુજરાતી વ્યક્તિ કેટલી મૂલ્યવાન છે.

મોરંગીનું ગૌરવ: અમરેલીના એક સામાન્ય ગામમાંથી નીકળીને વિશ્વવિખ્યાત ગાયિકાઓના 'રાઈટ હેન્ડ' બનવું એ મહેશભાઈની પ્રામાણિકતા અને સમર્પણની પરાકાષ્ઠા છે.


લતા દીદી અને આશાજીના સૂર તો અમર છે જ, પણ તેમની સફળતા પાછળ મહેશભાઈ રાઠોડ જેવા નિષ્ઠાવાન વ્યક્તિઓનો પણ મોટો ફાળો છે. અમરેલી અને મુંબઈ વચ્ચેનું આ 'સ્નેહ સેતુ' સંગીત પ્રેમીઓ માટે હંમેશા યાદગાર રહેશે.

નોંધ : લેખક પ્રસિધ્ધ ટીવી જર્નાલીસ્ટ અને ટીવી આવેલા લોકપ્રિય શો ભાઈ ભાઈ , બોલ બચ્ચન અને હાલ ટીવી 13 ગુજરાતી પર આવતા ગજબ હો....અને માઈન્ડ મશિન વિથ મહેન્દ્ર બગડાના એન્કર છે....

વોટ્સએપ પ્રતિભાવ માટે--9909941536

# અંક અણસાર

## (Numerology)



સમગ્ર વિશ્વ ને ભારતીય વિદ્વાનો એ આપેલી અમૂલ્ય ભેટ એટલે અંક શાસ્ત્ર.તેમાં પણ શૂન્ય (0) ની શોધ તો અતિ અદ્ભુત જોવા મળે છે.ભારતિય મૂળ અંકો તો આપણે જાણીએ છીએ તેમ ૧ (એક) ૨ (બે) ૩ (ત્રણ).......એમ (૧) એક થી ૯ (નવ) અને શૂન્ય  મળી ને અસંખ્ય અંકો નું નિર્માણ  થઈ શકે છે.અંકો ની દુનિયા થી અને તેની ગણતરી થી આ સમગ્ર વિશ્વ નો મોટાભાગ નો કારોબાર ચાલે છે.અંકો માં પણ મૂલાંક,ભાગ્યાંક, પ્રતિભા અંક,હદય અંક,આખરી અંક,લકી અંક,પડકાર અંક,વ્યક્તિત્વ અંક,જન્મ દિવસ અંક,નામ અંક,ટેવ અંક અને પ્રસંગ અંક આવા આવા અસંખ્ય પ્રકારો જોવા અને અનુભવવા મળે છે.આજે આપણે  જન્મ તારીખ ના આધારે પ્રાપ્ત અંકો ના મુજબ વ્યક્તિ ના વ્યક્તિત્વ નો  અભ્યાસ કરીએ.

અંક નંબર ૧ (એક)જેઓ ની જન્મ તારીખ કોઈપણ મહિના ની પહેલી (૧), દસમી (૧૦),ઓગણીસ (૧૯) કે (૨૮)  અઠ્ઠાવીસ મી તારીખે જન્મ દિવસ છે તેઓનો અંક ૧ (એક) છે.તેઓનું વ્યકિતત્વ સર્જનાત્મક,મજબૂત, જિદ્દી,સંશોધન વૃતિ વાળા,ચોક્કસ દ્રષ્ટી બિંદુ ધરાવનારા,અતિ મહત્વાકાંક્ષી,પોતાની ઉપર ના અંકુશ થી અણગમો વ્યક્ત કરનારા,વ્યવસાય માં સફળ અને ગજબ ની નેતૃત્વ શક્તિ વાળા જોવા મળે છે. લક્કી કલર:- સ્લાઈટ રેડ અને યેલોલક્કી વાર:- રવિવાર અને સોમવાર.લક્કી રત્ન:- મૂંગા.

અંક નંબર ૨ (બે) કોઈપણ મહિના ની બીજી (૨),અગિયારમી (૧૧), વીશમી (૨૦) કે ઓગણત્રીશમી (૨૯) તારીખે જન્મ છે તો આપનો અંક બે (૨) છે.આ અંક વાળા નું વ્યક્તિત્વ કલ્પનાશીલ, કલાવાન,રંગીન મિજાજના,નમ્ર અને વિવેકી,ઉતાવળા સ્વભાવ વાળા ,અનિર્ણિત અવસ્થા માં રહેવા વાળા,વધુ પડતા લાગણીશીલ,આત્મ વિશ્વાસ ની ઉણપ વાળા,નિરુત્સાહી,સહકાર અને મિત્રતા ની ભાવના વાળા,મુત્સદ્દી,સાનુકૂળ આધુનિક અને માયાળુ જોવા મળે.લક્કી કલર:- ક્રીમ,વ્હાઈટ લક્કી દિવસ:- સોમવાર અને શુક્રવાર.લક્કી રત્ન:- મોતી.

અંક નંબર:- ૩ (ત્રણ)કોઈપણ મહિના ની ત્રણ (૩), બાર (૧૨) અને ત્રીશમી તારીખે જન્મ છે,તો આપનો અંક ૩ (ત્રણ) છે. ત્રણ નો અંક ધરાવનાર નું વ્યક્તિત્વ અતિ મહત્વાકાંક્ષી,ખૂબ જ સ્વતંત્ર રહેવા વાળા, અભિમાની, આપખુદ,સત્તા ની પ્રબળ ઈચ્છાવાળા, આનંદી, સુ ખી,કલાકાર, સર્જક,કલ્પનાશીલ, પ્રેરણા દાયક, બાહોશ, હોશિયાર અને આશાવાદી જોવા મળે છે.લક્કી કલર:- મરુન,જાંબલી.લક્કી દિવસ:- મંગળવાર,ગુરુવાર લક્કી રત્ન:- નીલમ.

અંક નંબર:-૪ (ચાર).જો આપની જન્મ તારીખ કોઈપણ મહિના ની ૪ (ચાર),૨૨ (બાવીશ) કે ૩૧ (એકત્રીસમી) તારીખે છે.તો આપનો અંક ૪ (ચાર) છે.ચાર નો અંક ધરાવનાર નું વ્યક્તિત્વ સાવચેતી રાખનારું,ઈચ્છા શક્તિ વાળું,બળવાખોર છતાંય હકારાત્મક અને વ્યવહારુ,તેઓ લાગણીશીલ, કલ્પનાશીલ, સંવેદનશીલ, સુક્ષ્મ નિરીક્ષણ કરનારા,મહેનતુ,જવાબદારી લેનારા,આપ ટુ ડેટ રહેનારા,વ્યવસ્થિત સ્વસ્થ,સ્થિર અને સક્ષમ,પૂરા વફાદાર જોવા મળે છે.લક્કી કલર:- સ્લાઈટ બ્લ્યુ,ભૂખરો.લક્કી દિવસ:- શનિવાર અને મંગળવાર. લક્કી રત્ન:- નીલ મણી.

અંક નંબર ૫ (પાંચ)જો આપની જન્મ તારીખ ૫ (પાંચ),૧૪ (ચૌદ) અને ૨૩ (ત્રેવીસ) છે.તો આપની જન્મ તારીખ મુજબ આપનો અંક ૫ (પાંચ) છે.પાંચ નો અંક ધરાવનાર વ્યક્તિ નું વ્યક્તિત્વ મિત્રતાપૂર્ણ,લાગણીશીલ, વિચારશીલ, શક્તિશાળી, હોશિયાર, સત્ કાર્ય કરવા ની પ્રવૃતિ વાળા,ગુસ્સો કરનારા,સત્ય નો પક્ષ લેનારા,વિચાર અને નિર્ણય માં ઝડપી,બાહોશ,સૂઝબૂઝ વાળા,ધીરજ થી કામ લેનારા,મુક્તિ અને આનંદ ના ચાહક જોવા મળે છે.લક્કી કલર:- સ્લાઈટ દરેક હળવા કલર.લક્કી દિવસ:- બુધવાર,શુક્રવાર.લક્કી રત્ન:- માણેક.

અંક નંબર ૬ (છ)જો આપની જન્મ તારીખ કોઈપણ મહિના ની ૬ (છ),૧૫ (પંદર) કે ૨૪ (ચોવીશ) તારીખે છે તો આપનો અંક ૬ (છ) આવે છે. ૬ (છ) નો અંક ધરાવનાર વ્યક્તિ નું વ્યક્તિત્વ મૈત્રીપૂર્ણ, ઉદાર,સંગીત અને કલા ના જાણકાર અને તેની કદર કરનારા,ચુંબકીય આકર્ષણ ધરાવનારા, સ્નેહાળ અને માન પ્રાપ્ત કરનારા,કૃત નિશ્ચય પ્રાપ્ત કરનારા,જવાબદાર, સદગુણી,લીધેલી વાત ન મૂકનારા,માનવીય,ન્યાયી, વફાદાર,વિશ્વાસપાત્ર, ચોક્કસ દ્રષ્ટિબિંદુ વાળા,સંતુલિત અને સુંદર સંવાદ કરનારા જોવા મળે છે.લક્કી કલર:- વાદળી અને ગુલાબી.લક્કી દિવસ:- ગુરુવાર અને શનિવાર.લક્કી રત્ન:- નીલમ અને પિરોઝા.

અંક નંબર ૭ (સાત)જો આપની જન્મ તારીખ કોઈપણ મહિના ની ૭ (સાત), ૧૬ (સોળ) અથવા ૨૫ (પચ્ચીસ) ની તારીખ હોય તો આપનો અંક ૭ (સાત) છે. આ સાત નો અંક ધરાવનાર વ્યક્તિ નું વ્યક્તિત્વ સ્વતંત્ર મિજાજવાળું,મૌલિક અને સત્તત પૃથ્થકરણ કરનારું, પોતાના લાભ નો સત્તત વિચાર કરનાર,પરિવર્તન શીલ,મુસાફરી અને યાત્રા પ્રિય, મન થી જરા અશાંત રહેનારા,સ્વપ્ન શીલ,ગૂઢ,મોભાદાર અને સમજદાર,સંશોધન વૃતિ વાળા, જ્ઞાની અને બુદ્ધિશાળી તત્વજ્ઞાનમાં ધર્મમાં માનનારા, દેહથી શક્તિ વાળા, સત્તાવાહી સક્ષમ બાહોશ કલાકાર અને કવિ જોવા મળે છે. લક્કી કલર:- ગ્રીન,આછો પીળો,લક્કી દિવસ:- બુધવાર અને રવિવાર.લક્કી રત્ન:- પન્ના.

અંક નંબર ૮ (આઠ)કોઈપણ મહિના ની ૮ (આઠ),૧૭ (સતર) કે ૨૬ (છવ્વીસમી) તારીખ  ના દિવસે આપણી જન્મ તારીખ હોય તો આપનો અંક ૮ (આઠ) આવે છે.આ ૮ (આઠ) નો અંક ધરાવનાર વ્યક્તિ નું વ્યક્તિત્વ તત્વ જ્ઞાની, ધાર્મિક, મનથી ખિન્ન રહેનારા, સ્વભાવે જિદ્દી, માનની પ્રાપ્તિ કરવા વાળા, સમર્પણ અને જતું કરવાની ભાવનાવાળા, હૃદયના ઊંડા છતાંય ઘનિષ્ઠ, દયાળુ, વિશ્વાસપાત્ર, મહત્વકાંક્ષી થોડા પ્રારબ્ધવાદી સત્તાવાહી સક્ષમ, ક્યારેક મનથી ઈર્ષાળુ અને જનૂની સ્વભાવના જોવા મળે છે.લક્કી કલર:- ઘેરો વાદળી,કાળો,લક્કી દિવસ:- મંગળવાર અને શુક્રવાર.લક્કી રત્ન:- નીલમ, નીલમણિ.

અંક નંબર ૯ (નવ)જો આપની જન્મ તારીખ કોઈપણ મહિના ની ૯ ( નવ),૧૮ (અઢાર) કે ૨૭ (સત્યાવીશમી) તારીખે હોય તો આપનો અંક ૯ (નવ) છે.આ ૯ (નવ) નો અંક ધરાવનાર વ્યક્તિ નું વ્યક્તિત્વ લાગણીશીલ,હિંમતવાન, વિશાલ મોટા મન ના,સ્વતંત્ર,નિસ્વાર્થી, સ્નેહાળ,સહાનુભૂતિ ધરાવનાર, ક્ષમાશીલ,માનવીય અભિગમ વાળા, ઉદાર,પરોપકારી અને આધ્યાત્મિક,રમૂજી,મજબૂત ઈચ્છાશક્તિ વાળા જોવા મળે છે.લક્કી કલર:- સ્લાઈટ યેલો,કિરમજી લાલ.લક્કી દિવસ:- ગુરુવાર અને મંગળવાર.લક્કી રત્ન:- માણેક,પોખરાજ.

આ અંક શાસ્ત્ર ની દુનિયા આપની જન્મ તારીખ ના આધારે ઘણું કહી જાય તેવી છે.આપનું વાહન, આપના ઘર નો નંબર આપની જન્મ તારીખ ના અંક સાથે સુસંગત હોય તો તેના થી આપને વધારે સુખ, શાંતિ અને લેણું લાભ મળી શકે છે.આપ પણ આપની જન્મ તારીખ સાથે આપનું વ્યક્તિત્વ મેળવી તેમાં ખૂબ ખૂબ ઉચ્ચ ધ્યેય ને પ્રાપ્ત કરો તેવી શુભકામનાઓ સાથે શુભમ ભવતુ

**શાસ્ત્રી શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી**



MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)

(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને જ્યોતિષાચાર્ય માર્ગદર્શક) (વૈદિક સત્ કાર્ય ના સંવાહક)

મો.94264 84288, મો. 63536 03800

સાવરકુંડલા/ભાવનગર/બરોડા.

# આવશ્યક ચીજવસ્તુ ધારો, ૧૯૫૫
## (Essential Commodities Act, 1955)



કાયદાની કલમે...
નિલેશભાઈ એન. ચૌહાણ
એડ્વોકેટ, ગુજરાત હાઈકોર્ટ (M.Com, LL.B.)

વાંચક મિત્રો, આજ કાલ આપણે ગેસ ની એજન્સી, પેટ્રોલપંપ પર મોટી કતાર જોઈએ છીએ, અમેરિકા - ઈરાન યુદ્ધે પેટ્રોલ -ડીઝલ -રાંધણ ગેસ જેવી જીવનજરૂરી વસ્તુઓ ની તંગી સર્જી છે.આજે આપણે સમજીએ કે આ માટે કાયદો શુ કહે છે.

ગુજરાતમાં રાંધણ ગેસ (LPG), અનાજ અને અન્ય જીવનજરૂરી વસ્તુઓના વિતરણ અને કાળાબજારને રોકવા માટે મુખ્યત્વે *"આવશ્યક ચીજવસ્તુ ધારો, ૧૯૫૫" (Essential Commodities Act, 1955)* અને તેને સંલગ્ન ગુજરાત સરકારના વિવિધ "પુરવઠા આદેશો" (Supply Orders) લાગુ પડે છે.

આ કાયદા હેઠળ ગેસ અને અનાજને લગતી મહત્વની જોગવાઈઓ નીચે મુજબ છે:

૧. રાંધણ ગેસ (LPG) ને લગતા નિયમો

ગેસ સિલિન્ડરના વિતરણ માટે "Liquefied Petro leum Gas (Regulation of Supply and Distri bution) Order" અમલી છે.

* વજનની તપાસ: ગેસ સિલિન્ડર ડિલિવરી લેતી વખતે ગ્રાહકને તેનું વજન કરાવીને લેવાનો કાયદેસરનો અધિકાર છે. દરેક ડિલિવરી મેન પાસે વજનકાંટો હોવો ફરજિયાત છે.

* કાળાબજાર પર પ્રતિબંધ: ઘરેલું (Domestic) રાંધણ ગેસનો ઉપયોગ કોમર્શિયલ હેતુ (હોટલ, લારી-ગલ્લા) માટે કરવો એ ગુનો છે. આવું કરતા પકડાય તો ગેસ કનેક્શન કટ થઈ શકે છે અને દંડ થઈ શકે છે.

* વધારાનો ચાર્જ: ગેસ એજન્સી નિર્ધારિત કિંમત (Cash Memo) કરતા એક પણ રૂપિયો વધારાનો વસૂલી શકતી નથી. ડિલિવરી ચાર્જ બિલમાં પહેલેથી જ સામેલ હોય છે.

* સુરક્ષા તપાસ: દર ૨ વર્ષે ગેસ એજન્સી દ્વારા ફરજિયાત સુરક્ષા તપાસ (Mandatory Inspection) કરવામાં આવે છે, જેનો નજીવો ચાર્જ નક્કી કરેલો હોય છે.

૨. અનાજ અને જાહેર વિતરણ પ્રણાલી (PDS)ગુજરાતમાં ગરીબ અને મધ્યમ વર્ગને અનાજ વિતરણ માટે "National Food Security Act (NFSA)"અને ગુજરાત સરકારના પુરવઠા નિયમો લાગુ પડે છે.

* અનાજનો જથ્થો: રેશનકાર્ડ ધારકને તેના કાર્ડના પ્રકાર (અંત્યોદય, અગ્રતા ધરાવતા કુટુંબો) મુજબ ચોખા, ઘઉં, ખાંડ અને મીઠું મેળવવાનો હક છે.

* બોર્ડ પ્રદર્શન: વાજબી ભાવની દુકાન (રેશનિંગની દુકાન) ના માલિકે દુકાનની બહાર સ્ટોક રજિસ્ટર, ભાવની યાદી અને નમૂના (Samples) પ્રદર્શિત કરવા ફરજિયાત છે.

* ઈ-પોસ (e-PoS) મશીન:ગુજરાતમાં હવે બાયોમેટ્રિક (અંગૂઠો આપીને) જ અનાજ મળે છે. જો મશીનમાં નેટવર્ક ન હોય તો 'ઓવરરાઈડ' પદ્ધતિથી અનાજ આપવાની જોગવાઈ છે.

* ગુણવત્તા: જો અનાજ ખરાબ હોય કે ખાવાલાયક ન હોય, તો ગ્રાહક તેને લેવાનો ઈનકાર કરી શકે છે અને મામલતદાર કચેરીમાં ફરિયાદ કરી શકે છે.

૩. પુરવઠા અધિનિયમ હેઠળ ગુના અને સજાજો કોઈ વેપારી કે દુકાનદાર સંગ્રહખોરી કે કાળાબજાર કરે તો:

* જપ્તી: પુરવઠા વિભાગ તે જથ્થો સીલ કરી શકે છે અને પરવાનો (License) રદ કરી શકે છે.

*PBM એક્ટ (Prevention of Black Marketing): આ કાયદા હેઠળ ૬ મહિના સુધીની અટકાયત (Detention) થઈ શકે છે.

* દંડ: આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ ૭ હેઠળ ૭ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ છે.

૪. ફરિયાદ કેવી રીતે કરવી?જો તમને અનાજ કે ગેસના વિતરણમાં ગેરરીતિ જણાય, તો તમે નીચેના માધ્યમોનો ઉપયોગ કરી શકો છો:

૧. ટોલ-ફ્રી હેલ્પલાઈન: ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ (ગુજરાત રાજ્ય પુરવઠા વિભાગ).

૨. ઓનલાઈન પોર્ટલ:[ipds.gujarat.gov.in] (https:// ipds. gujarat.gov.in/) પર જઈને ફરિયાદ કરી શકાય છે. ૩. મામલતદાર કચેરી: તમારા તાલુકાના 'નાયબ મામલતદાર (પુરવઠા)' ને લેખિતમાં ફરિયાદ આપો.

૪. ગેસ માટે: જે-તે કંપની (IOCL, BPCL, HPCL) ના ગ્રાહક સુરક્ષા નંબરમાં ફરિયાદ કરો.

નાગરિકો માટે ખાસ ટિપ્સ:* હંમેશા ગેસ સિલિન્ડરનું સીલ ચેક કરો.* રેશનિંગની દુકાનેથી અનાજ લીધા બાદ તેની પાવતી (Receipt) અચૂક માંગો.* તમારા રેશનકાર્ડની વિગતો 'Digital Gujarat' પોર્ટલ પર ચેક કરતા રહો જેથી કોઈ તમારા નામે બારોબાર અનાજ ન ઉપાડી જાય.

# સાવરકુંડલા પાલિકાના નિવૃત કર્મચારી એક માસની પવિત્ર યાત્રા કરી પરત ફરતા પરંપરાગત સામૈયા કરવામાં આવ્યા





## પાંચ દીકરીઓએ ઢોલ નગારા, પુષ્પવર્ષા, આરતી ઉતારી માતા પિતાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા નગરપાલિકાના નિવૃત કર્મચારી તથા બ્રહ્મલીન સદ્ગુરૂ સ્વામી નિર્દોષાનંદજી મહારાજના કૃપાપાત્ર શિષ્ય તુષારભાઈ માલાણી અને તેમની ધર્મપત્ની રસીલાબેન દ્વારા એક માસીય પવિત્ર અને આધ્યાત્મિક યાત્રા પૂર્ણ કરી વતન સાવરકુંડલા પરત ફરતા તેમની દીકરીઓ અને પરિવારજનો દ્વારા ભવ્ય પરંપરાગત સામૈયા કરીને આવકારવામાં આવ્યા હતાં. યાત્રા પુર્ણ કરીને તેમના નિવાસસ્થાને પહોંચતા જ પરિવારમાં આનંદ અને ઉત્સાહનું માહોલ છવાઈ ગયો હતો. તેમની પાંચેય દીકરીઓ સોનલબેન તુષારભાઈ માલાણી, પારૂલબેન, દયાબેન, નીલમબેન અને સ્વ. પ્રિયંકાબેન તુષારભાઈ માલાણી દ્વારા ઢોલ નગારા અને શરણાઈના સૂર સાથે અબીલ, ગુલાલ, કંકુ ચોખા અને સુગંધિત પુષ્પોથી માતા પિતાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દીકરીઓએ માતા પિતાને ફૂલહાર પહેરાવી, શાલ ઓઢાડી, આરતી ઉતારી અને કુમકુમ પગલાં દ્વારા પરંપરાગત વિધિ અનુસાર સામૈયા કર્યા હતા. જે પ્રસંગને અત્યંત ભાવુક અને યાદગાર બનાવી દીધો હતો.

તુષારભાઈ માલાણી અને રસીલાબેન માલાણી દંપતીએ એક માસ દરમિયાન ભારત તેમજ નેપાળના અનેક પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરીને આધ્યાત્મિક અનુભૂતિ મેળવી હતી. તેમની યાત્રામાં જ્યોતિર્લિંગ ઓમકારેશ્વર, પવિત્ર નર્મદા નદીના દર્શન, ચિત્રકૂટધામ, પ્રયાગરાજ ખાતે ત્રિવેણી સંગમ, કાશી વિશ્વનાથ મહાદેવ, ગંગાસ્નાન, અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ, સરયૂ નદીની ભવ્ય આરતી, સ્વામિનારાયણ ભગવાનની જન્મભૂમિ છપૈયા જેવા પવિત્ર સ્થાનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેઓ સનોલી બોર્ડર મારફતે નેપાળ પ્રવેશી મુક્તિનાથ મહાદેવ, કાઠમંડુ ખાતે પશુપતિનાથ મહાદેવ, જનકપુર જેવા પવિત્ર સ્થળોએ દર્શન કર્યા હતા. ત્યારબાદ સિલિગુડી, દાર્જીલીંગ, આસામમાં આવેલ શક્તિ પીઠ કામાખ્યા મંદિર, ગેંગટોક, બુદ્ધગયા, બૈજનાથ મહાદેવ, ગંગાસાગર ખાતે ગંગાસ્નાન, કોલકાતા, કોણાર્કનું વિશ્વપ્રસિદ્ધ સૂર્ય મંદિર, જગન્નાથ પુરી અને સાક્ષી ગોપાલ મંદિરના દર્શન કરીને યાત્રાને વધુ પાવન બનાવી હતી. તેમણે આગળ ચંપારણ, નર્મદા ઉદ્ગમ સ્થાન અમરકંટક, ઉજ્જૈન મહાકાલેશ્વર મહાદેવ તથા અંતે ડાકોરના રણછોડરાયજીના દર્શન કરીને યાત્રાનો સમાપન કર્યો હતો. આ સમગ્ર યાત્રા દરમિયાન તેમણે વિવિધ પવિત્ર નદીઓમાં સ્નાન, મંદિરોમાં પૂજા અર્ચના અને આધ્યાત્મિક સાધના દ્વારા જીવનમાં નવી ઊર્જા અને શાંતિનો અનુભવ કર્યો હતો.

માલાણી દંપતીની પવિત્ર યાત્રા પૂર્ણ કરી પરત ફરતા પરિવારજનો, સગા સંબંધીઓ, મીત્રો, શુભેચ્છકો દ્વારા તેમને શુભકામનાઓ પાઠવી તેમની આ આધ્યાત્મિક યાત્રાને બિરદાવવામાં આવી હતી. સમગ્ર પ્રસંગે ધાર્મિક ભાવના, પરિવારના સંસ્કારો અને તેમની પાંચેય દીકરીઓ સોનલબેન તુષારભાઈ માલાણી, પારૂલબેન, દયાબેન, નીલમબેન અને સ્વ. પ્રિયંકાબેન તુષારભાઈ માલાણીએ માતા પિતા પ્રત્યેની લાગણીનું સુંદર પ્રતિબિંબ જોવા મળ્યું હતું.



## શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થી ગૃહ છેલ્લા 80 વર્ષથી જૈન સમાજના બાળકોમાં શૈક્ષણિક અભ્યાસ સાથે સંસ્કારણ અને બાળકોમાં રહેલી સુશુપ્તશક્તિની ઉજાગર કરવાનું કાર્ય કરી રહી છે. એ સંસ્થામાં રહી અમરેલીમાં બી.બી.એ. માં અભ્યાસ કરતો વિદ્યાર્થી કોઠારી રાજને પોતાના અભ્યાસની સાથે ચિત્રકામમાં રસ હોવાથી સંસ્થા દ્વારા તેમની ડ્રોઈંગની સ્કિલ ડેવલોપ થાય એ અનુસંધાને 'શંકરા આર્ટ હબ' માં અમીબેન ગોસ્વામી પાસે ચારકોલ આર્ટ, એક્રેલિક પેઈન્ટિંગ, પેન્સિલ આર્ટ અને થ્રીડી આર્ટની તાલીમ મેળવી મનમોહક ચિત્રો દોરી પોતાની કલાનું પ્રદર્શન કરી રહ્યો છે. જે તેમના દ્વારા દોરવામાં આવેલ ચિત્રોમાં પ્રદર્શિત થાય છે.



# સાવરકુંડલામાં સરકારી કન્યા શાળાની છાત્રાઓને શિક્ષકે નાસ્તો પીરસ્યો

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલાની મધ્યમાં મણીભાઈ ચોક રાઉન્ડ ખાતે આવેલા સરકારી બ્રાન્ચ શાળા નંબર બે કન્યા શાળા ખાતે બાલવાટિકાથી ધોરણ 8 સુધી અભ્યાસ કરતી 400 જેટલી દીકરીઓ અને સમગ્ર શાળા સ્ટાફગણને પાંવભાજીનો નાસ્તો શાળાના આચાર્ય શ્રી ભારતીબેન રાઠોડ અને આસિસ્ટન્ટ શિક્ષક ગીતાબેન રાઠોડ દ્વારા કરાવ્યો હતો.



# બે દિવસમાં ઘરે ઘરે એલપીજી ગેસની ડિલિવરી કરો નહીંતર એજન્સી સરકાર સંભાળી લેશે: ધારાસભ્ય શ્રી કસવાલા



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલામાં લોકોને ગેસ મેળવવા મુશ્કેલીઓ પડી રહી છે અને સાવરકુંડલા એરોગેસ એજન્સી ની સામે લાંબી કતારો લોકોની જોવા મળતી હતી. સમયસર ગેસ ન મળતા લોકોને વ્યાપક પ્રમાણે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો અને ગેસ એજન્સી પોતાની મનમાની કરી રહી છે તેવા સવાલો પણ ઉઠ્યા હતા ત્યારે સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા અધિકારી અને કાર્યકર્તાઓની સાથે ગેસ એજન્સી એ પહોંચ્યા હતા અને જણાવ્યું હતું કે અઠવાડિયામાં સુધારો કરો અને બે બે દિવસમાં ઘરે ઘરે એલપીજીની ડિલિવરી કરો નહિતર એજન્સી સરકાર સંભાળી લેશે તેવું સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ જણાવ્યું હતું.




## અમરેલી માર્કેટિંગ યાર્ડ ખાતે ૨૦૦ ટ્રેક્ટર સહિતના વાહનોને રેડિયમ પટ્ટા લગાવવાની કામગીરી



## જિલ્લામાં તમામ તાલુકા એ.પી.એમ.સી ખાતે રેડિયમ પટ્ટા લગાવવા અર્થે કેમ્પનું આયોજન

અમરેલી તા. ૧૦ એપ્રિલ,૨૦૨૬ (શુક્રવાર) સમગ્ર જિલ્લામાં આર.ટી.ઓ દ્વારા રોડ સેફ્ટીની વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે. જેમાં જનજાગૃત્તિ વધારવાના પ્રયત્નો સામેલ છે. ગતરોજ અમરેલી માર્કેટિંગ યાર્ડ ખાતે ૨૦૦ ટ્રેક્ટર સહિતના વાહનોને રેડિયમ પટ્ટા લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં તમામ તાલુકા એ.પી.એમ.સી ખાતે રેડિયમ પટ્ટા લગાવવા અર્થે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. એ.પી.એમ.સી અમરેલી ખાતે ૨૦૦ ઉપરાંત જેટલા વાહનો જેમ કે, ટ્રેક્ટર, ટ્રેલર, છકડા સહિતના વાહનોને વિનામૂલ્યે સાઈડમાં પીળા તેમજ લાલ રેડિયમ પટ્ટા લગાવવામાં આવ્યા હતા.

જ્યારે ગામડાના રસ્તાઓમાંથી વાહન પસાર થાય છે ત્યારે ગામડામાં નાના રસ્તાઓમાં લાઈટ આવેલ ન હોય અને ટ્રેલર, છકડો, સનેડામાં પાછળની બાજુએ લાઈટ આવેલ ન હોય પાછળથી વધુ ઝડપથી આવતા વાહનોને આવા વાહનો ન દેખાતા હોય અકસ્માત સર્જાય છે. આ કામગીરીનો હેતુ સંભવિત અકસ્માત નિવારણનો છે તેમ અમરેલી એ.આર.ટી.ઓ અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## સાવરકુંડલાના શ્રમજીવી નગરમાં મેસવાણિયા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહમાં ભક્તિનો મહાસાગર ઉમટ્યો

**શાસ્ત્રી દીપકભાઈ ત્રિવેદીની વાણીમાં ધાર્મિક અને સામાજિક મૂલ્યોનો સમન્વય સરળ ભાષામાં ભાગવત રસપાન**

**સંગીતમય શૈલી અને સરળ સમજૂતી સાથે જ્ઞાન યજ્ઞ દ્વારા જનમાનસમાં આધ્યાત્મિક ચેતનાનો સંચાર**





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા શહેરના શ્રમજીવી નગર વિસ્તારમાં હાલ ભક્તિ અને જ્ઞાનનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. અહીં શૈલેષભાઈ મેસવાણિયા પરિવારના આંગણે અતિ પવિત્ર શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડી કથા શ્રવણનો લાભ લઈ રહ્યા છે.આ જ્ઞાન યજ્ઞમાં વ્યાસપીઠ પર બિરાજતા વિદ્વાન વક્તા શાસ્ત્રી દીપકભાઈ પી. ત્રિવેદી પોતાની આગવી અને મધુર શૈલીમાં ભાગવતજીના ગૂઢ રહસ્યો સમજાવી રહ્યા છે. શાસ્ત્રીજીની વિશેષતા એ છે કે તેઓ પ્રાચીન ગ્રંથોના જ્ઞાનને આધુનિક ભાષા માં અને અત્યંત સરળ રીતે રજૂ કરી રહ્યા છે, જેથી યુવા પેઢીથી લઈને વૃદ્ધો સુધીના તમામ લોકો કથાના મર્મને ઊંડાણપૂર્વક સમજી શકે.

કથા દરમિયાન શાસ્ત્રીજી માત્ર ધાર્મિક વાતો જ નહીં, પરંતુ વર્તમાન સમય માં સામાજિક જાગૃતિ અને માનવીય મૂલ્યોનું મહત્વ પણ સમજાવી રહ્યા છે. સંગીતમય શૈલીમાં વહેતી આ કથા ગંગામાં ભજન અને કીર્તનો સાથે ભક્તો ભાવવિભોર બની ઝૂમી ઉઠે છે.મેસવાણિયા પરિવારે પોતાના આંગણે આ પવિત્ર જ્ઞાન યજ્ઞનું આયોજન કરીને વિસ્તારમાં ભક્તિમય વાતાવરણ ઉભું કર્યું છે. કથાના વિવિધ પ્રસંગોની ઉજવણી પણ ધામધૂમથી કરવામાં આવી રહી છે, જે શ્રમજીવી નગરના રહીશો માટે એક લ્હાવો બની રહ્યો છે.

આ જ્ઞાન યજ્ઞ દ્વારા સમાજમાં ભક્તિ, સદાચાર અને સંપની ભાવના દ્રઢ થાય તેવો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો છે.

## સાવરકુંડલાના આંબરડી ગામે આરોગ્ય સેવા અને માનવતા પ્રત્યેની ભાવના સાથે રક્તદાન કેમ્પનું આયોજન કરાયું

આ કેમ્પમાં ગામ તેમજ આજુબાજુના વિસ્તારોના યુવાનોનો ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો હતો. આંબરડી ગામમાં કુલ 25 બોટલ બ્લડ એકત્રિત થતા આયોજકોમાં આનંદની લાગણી જોવા મળી હતી. રક્તદાન માટે ગામના યુવાનો આગળ આવ્યા હતા અને માનવ સેવા માટે પોતાની જવાબદારી નિભાવી હતી.આ કેમ્પ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આંબરડીના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જેમાં મેડિકલ ઓફિસર, MPHS, MPHW, FHW અને CHO સહિતના આરોગ્ય કર્મી ઉપસ્થિત રહ્યા હતા.તમામ સ્ટાફે રક્તદાન પ્રક્રિયા સફળતાપૂર્વક પાર પાડવામાં સહકાર આપ્યો હતો. કેમ્પ પૂર્ણ થયા બાદ આયોજકો રક્તદાતાઓને બિરદાવ્યા હતા.



# સાવરકુંડલા તાલુકાના બાઢડામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન...




સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામ આયોજિત ભાગવત સપ્તાહ દરમિયાન ભક્તિ અને શ્રદ્ધાનો ભાવપૂર્ણ માહોલ સર્જાયો હતો. મોટી સંખ્યામાં ભક્તો આ સપ્તાહમાં ઉપસ્થિત રહે છે અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બને છે ત્યારે માનવ મંદિરના ભક્તિરામ બાપુની વિશેષ ઉપસ્થિતિ આ કથામાં રહી હતી. આ પ્રસંગે કથાકાર રવીરામ બાપુએ શ્રીમદ્ ભગવદ્ કથાનું વર્ણન કરીને ધર્મ, સંસ્કૃતિ અને માનવજીવનના મૂલ્યો અંગે પ્રેરણાદાયક વિચારો રજૂ કર્યા હતા ભગવાનના ગુણગાન ગાય અને સાંભળી ભક્તો એ ધન્યતા અનુભવી હતી. આ તકે માનવ મંદિરના ભક્તિરામબાપુ દ્વારા રવીરામ બાપુને શાલ ઓઢાડી અને ફૂલહાર પહેરાવી સન્માનિત કરવામાં આવ્યા હતા.



## સાવરકુંડલાના તાત્કાલિક હનુમાનજી આશ્રમ દ્વારા ભક્તિ સાથે શક્તિનો સંગમ

# સેવા અને સમર્પણનો અનોખો પવિત્ર સેવાયજ્ઞ



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા પવિત્ર નગરમાં તાજેતરમાં તાત્કાલિક હનુમાનજી આશ્રમ ખાતે શ્રી હનુમાન પ્રાગટ્ય મહોત્સવની અત્યંત ભક્તિભાવ પૂર્વક અને ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ મહોત્સવમાં હજારો શ્રદ્ધાળુઓએ ઉમટી પડી દાદાના દર્શન કર્યા હતા અને વિશેષ રૂપે આયોજિત ભવ્ય ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. જોકે, આ ધાર્મિક મહોત્સવની પૂર્ણાહુતિ બાદ આશ્રમ પરિવાર દ્વારા એક અત્યંત અનુકરણીય પગલું ભરીને સમાજ સામે નવો રાહ ચિંધ્યો છે.

આ મહોત્સવના ભોજન પ્રસાદના આયોજન બાદ વધેલા મસાલા, કરિયાણું અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓનો સહેજ પણ વ્યય કરવાને બદલે, આયોજકો અને આશ્રમના સ્વયંસેવકોએ સાથે મળીને તેની નાની-નાની કીટ તૈયાર કરી હતી. આ કીટમાં જીવનજરૂરી તમામ રાશન સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. દાતાઓ દ્વારા મળેલી વસ્તુઓનો એક પણ અંશ બગડે નહીં અને તેનો સાર્થક રીતે ઉપયોગ થાય તેવો પવિત્ર અને ધાર્મિક ઉદ્દેશ્ય આ પાછળ રહેલો હતો. આ તૈયાર કરવામાં આવેલી 'સેવા કીટ'નું વિતરણ કરવા માટે તાત્કાલિક હનુમાનજી આશ્રમ પરિવારના યુવાનો દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

જે પરિવારોમાં અશક્ત વૃદ્ધ માતા-પિતા એકલા રહે છે અથવા જેઓ આર્થિક રીતે નબળા છે, તેવા પરિવારોના ઘરે રૂબરૂ જઈને આ કીટ સપ્રેમ અર્પણ કરવામાં આવી હતી.

આ કાર્ય માત્ર ભૌતિક મદદ પૂરતું મર્યાદિત ન રહેતા, વૃદ્ધોના હૃદયપૂર્વકના આશીર્વાદ મેળવીને એક પ્રેરણાદાયી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ બની ગયું છે.

આ પ્રસંગે આશ્રમ પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે, "ભગવાનની ભક્તિ ત્યારે જ સાચી ગણાય જ્યારે આપણે સમાજના છેવાડાના માનવીની પીડા સમજીએ. દાતાઓના સહયોગથી મળેલી વસ્તુઓ જરૂરિયાતમંદોના રસોડા સુધી પહોંચે તે જ સાચી હનુમાન સેવા છે."

આમ, તાત્કાલિક હનુમાનજી આશ્રમ દ્વારા હનુમાન જન્મોત્સવની આ ઉજવણી માત્ર ઉત્સવ પૂરતી સીમિત ન રહેતા, માનવ સેવા અને સામાજિક જવાબદારીના સુંદર સમન્વય સાથે સંપન્ન થઈ છે. આ ભગીરથ કાર્યની સમગ્ર પંથકમાં ભારોભાર પ્રશંસા થઈ રહી છે.

**શ્રી હનુમાન પ્રાગટ્ય મહોત્સવના પાવન અવસરે વધેલું કરિયાણું વસ્તુ સામગ્રીનો સદુપયોગ કરી માનવતા મહેકાવતું તાત્કાલિક હનુમાનજી આશ્રમનું પ્રેરણાદાયી કાર્ય**

# જિલ્લામાં મતદાનના દિવસે મતદાન મથકની અંદર તથા ૧૦૦ મીટરના વિસ્તારમાં મત પ્રચાર માટે પ્રતિબંધ

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી તા. ૧૩ એપ્રિલ,૨૦૨૬ (સોમવાર) ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-એપ્રિલ-૨૦૨૬ કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. આ અન્વયે અમરેલી જિલ્લામાં કુલ ૦૬ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી તથા કુલ ૧૧ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬.૦૪.૨૦૨૬ ના રોજ યોજાશે ઉપરાંત મતગણતરી તા. ૨૮.૦૪.૨૦૨૬ના રોજ યોજાશે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અમરેલી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ અન્વયે સમગ્ર જિલ્લામાં મતદાન મથકની અંદર તથા મતદાન મથકથી ૧૦૦ મીટરના અંતરમાં આવેલ વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ મત પ્રચાર કરી શકશે નહીં. મત પ્રચાર માટે સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ઉપરાંત મતદારોને ધાક-ધમકી આપીને કે રંજાડીને મતદાન કરવા જતા અટકાવવા, કોઈપણ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી, અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા, સાથે ચૂંટણીમાં મત ન આપવા બાબતે સમજાવવા, ચૂંટણી લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાની પ્રદર્શિત કરવી, સેલ્યુલર કે મોબાઈલ ફોન,કોડલેસ ફોન, પેજર, વાયરલેસ સેટ કે અન્ય વિજાણુ સંદેશાવ્યવહારના સાધનો લઈ જવા પર પ્રતિબંધ રહેશે. વાહનો સાથે આવવા પર પણ પ્રતિબંધ રહેશે.

મતદાન મથકમાં મતદાન માટે આવેલ મતદાર, ઉમેદવાર, તથા ચૂંટણી પંચે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાયની વ્યક્તિએ પ્રવેશ કરવા પર પ્રતિબંધ રહેશે. ઉમેદવારોના પ્રતિકો લાવવા પર કે કોઈ નિશાનીઓ રાખવી, એક ઉમેદવારના એકથી વધુ મતદાન મથક એજન્ટને હાજર રાખવા, કોઈપણ પક્ષના ચિન્હવાળી સ્લીપો વહેંચવા ઉપર પ્રતિબંધ રહેશે. મતદાન સમય દરમિયાન મતદાન એજન્ટોને મતદારયાદી મતદાન મથકની બહાર લઈ જવા પર પ્રતિબંધ રહેશે. મતદાન મથકમાં પ્રવેશવા માટે મતદારોએ એક લાઈનમાં ઉભા રહેવાનું રહેશે. દિવ્યાંગ મતદારો માટે અલગથી વ્યવસ્થા કરવાની રહેશે. મતદારોએ મતદાન મથકમાં વારાફરતી ક્રમમાં પ્રવેશવું, મતદાન બાદ તુરંત જ મતદાન મથક છોડી દેવાનું રહેશે. આ જાહેરનામું જિલ્લાના તમામ વિસ્તારને લાગુ પડશે. ઉપરાંત તા. ૨૬.૦૪.૨૦૨૬ના રોજ મતદાનના દિવસે લાગુ રહેશે. જો પુન:મતદાન થશે તો જે તે સંબંધિત મત વિસ્તાર માટે તા. ૨૭.૦૪.૨૦૨૬ના રોજ પણ અમલી રહેશે.

**આગામી તા. ૨૬ એપ્રિલ,૨૦૨૬ના રોજ મતદાન યોજાશે, તા. ૨૮ એપ્રિલે મતગણતરી હાથ ધરવામાં આવશે**


# સાવરકુંડલા તાલુકામાં આર.બી.એસ.કે. ટીમ દ્વારા હૃદયનું (રૂમેટિક હાર્ટ ડિસીઝ) સફળ નિશુલ્ક ઓપરેશન



સાવરકુંડલા તાલુકાના સાવરકુંડલા ગામના ખોડિયારનગર વિસ્તારમાં રહેતી એક ખાનગી શાળા માં ધોરણ ૨ માં અભ્યાસ કરતી તૃષા પિયુષભાઈ રાઠોડ ને હૃદય ના વાલ્વ ની તકલીફ (રૂમેટિક હાર્ટ ડિસીઝ) જોવા મળી હતી. આ બાબતની જાણ થતાં સાવરકુંડલા તાલુકાની આર.બી.એસ.કે. (શાળા આરોગ્ય) ટીમના ડો. ઋત્વેક પટેલ તથા ડો. મનીષા પટેલે તાત્કાલિક જરૂરી તપાસ કરી અને સંદર્ભ કાર્ડ સહિત જરૂરી દસ્તાવેજોની પ્રક્રિયા પૂર્ણ કરી જિલ્લા કક્ષાએથી મંજૂરી લેવડાવી.પછી બાળકને અમદાવાદ સ્થિત યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે મોકલી હૃદયના વાલ્વનું સફળ ઓપરેશન કરાવવામાં આવ્યું હતું , જે સંપૂર્ણપણે નિશુલ્ક કરવામાં આવ્યું હતું. હાલ બાળકની તબિયત સુધરેલી છે.

આ સફળ સારવાર માટે બાળકના પિતા પિયુષભાઈ રાઠોડે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. એમ. જોષી સાહેબ, આર.સી.એચ.ઓ. ડો. એ.કે. સિંહ સાહેબ, તાલુકા હેલ્થ ઓફિસર ડો. મીના સાહેબ તેમજ આર.બી.એસ.કે. ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત જિલ્લા કક્ષાએ શાળા આરોગ્ય વિભાગના એમ.કે. બગડા સાહેબનો પણ વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# "ભીની કે સૂકી, ઉધરસને નકારશો નહીં જાણો ક્યારે ડોક્ટર પાસે જવું!"



Dr. Vishal K. Chavda, MS, PhD, FICN

ખાંસી એ તમારા ગળા, વાયુમાર્ગ અને ફેફસાંમાંથી બળતરાને દૂર કરવાની તમારા શરીરની રીત છે. ચાર મુખ્ય પ્રકારની ઉધરસ છે: ભીની, સૂકી, પેરોક્સિસ્મલ અને ક્રોપ. મોટાભાગની ઉધરસ જાતે જ દૂર થઈ જાય છે. શરદી અથવા ફ્લૂમાંથી ઉધરસના મુખ્ય બે પ્રકાર છે: ભીની ઉધરસ અને સૂકી ઉધરસ. તમારા વાયુમાર્ગમાંથી લાળ (જેને કફ તરીકે પણ ઓળખાય છે) બહાર કાઢતી ઉધરસને ઉત્પાદક, ભીની અથવા છાતીવાળી ઉધરસ કહેવામાં આવે છે કારણ કે તે કાર્ય કરે છે. ટિકલી ઉધરસ એ ઉધરસનો સૌથી સામાન્ય પ્રકાર છે. તે ગળામાં બળતરાને કારણે થાય છે અને તે સૌથી વધુ હેરાન કરે છે. તે બિનઉત્પાદક ઉધરસ છે કારણ કે તેનાથી કફ ઓછો અથવા થતો નથી. તે ભાગ્યે જ કોઈ ગંભીર બાબતની નિશાની છે. મોટાભાગની ઉધરસ 3 અઠવાડિયાની અંદર સાફ થઈ જાય છે અને તેને કોઈ સારવારની જરૂર પડતી નથી. સૂકી ઉધરસનો અર્થ થાય છે કે તે ટિકલી છે અને કોઈ કફ (જાડી લાળ) ઉત્પન્ન કરતી નથી. છાતીવાળી ઉધરસ એટલે કે તમારા વાયુમાર્ગને સાફ કરવામાં મદદ કરવા માટે કફ ઉત્પન્ન થાય છે. ઉધરસ કે જે ચોક્કસ અવાજો કરે છે, જેમ કે ઘરઘરાટી અથવા ભસવું, તે પણ મોટી સમસ્યાનો સંકેત આપી શકે છે. લાંબી ઉધરસ આઠ અઠવાડિયા કરતાં વધુ સમય સુધી ચાલે છે અને તે વધુ ગંભીર અથવા દીર્ઘકાલીન ફેફસાના રોગની નિશાની હોઈ શકે છે. કેટલીક ઉધરસ ખૂબ ગંભીર અથવા ખરાબ હોય છે. તો તમે તેને કેવી રીતે ઓળખશો ? ઉધરસ જે 10 થી 14 દિવસ સુધી ચાલે છે. ઉધરસ જે લોહી ઉત્પન્ન કરે છે. તાવ (એક બેક્ટેરિયલ ચેપની નિશાની હોઈ શકે છે જેને એન્ટિબાયોટિક્સની જરૂર હોય છે) શ્વાસ લેતી વખતે ઊંચો અવાજ (જેને સ્ટ્રિડોર કહેવાય છે). જાડા, દુર્ગંધવાળું, પીળો-લીલો કફ (બેક્ટેરિયલ ચેપ હોઈ શકે છે); આવી ઉધરસ ગંભીર છે અને તાત્કાલિક તબીબી સારવારની જરૂર છે. સામાન્ય શરદી અથવા ફ્લૂમાં; ટૂંકા ગાળાની (તીવ્ર) ઉધરસનું સૌથી સામાન્ય કારણ ઉપલા શ્વસન માર્ગનું વાયરલ ચેપ છે.

વાયરલ ચેપ ગળા, પવનની નળી (શ્વાસનળી) અથવા ફેફસાંને સોજા કરે છે. સ્વસ્થ લોકોમાં, આ પ્રકારની ઉધરસ સામાન્ય રીતે 2-3 અઠવાડિયામાં તેની જાતે જ દૂર થઈ જાય છે.

વાયરલ ઉધરસના લક્ષણો શું છે ? મને કેવી રીતે ખબર પડશે કે મને વાયરલ ઉધરસ અથવા ચેપ છે ? ઉધરસ સામાન્ય રીતે એક કે તેથી વધુ દિવસમાં વિકસે છે, અને તે ખૂબ બળતરા બની શકે છે. અન્ય લક્ષણો વિકસી શકે છે અને તેમાં તાપમાનમાં વધારો એટલે કે 38 ડિગ્રી (તાવ), માથાનો દુખાવો, શરીરમાં દુખાવો અને દુખાવો શામેલ હોઈ શકે છે. જો ચેપ નાકને પણ અસર કરે તો શરદીના લક્ષણો આવી શકે છે. અસ્થમામાં ઉધરસ સામાન્ય રીતે શુષ્ક અથવા ઓછામાં ઓછી ઉત્પાદક હોય છે, પરંતુ તે લાળના અતિ-સ્ત્રાવ સાથે પણ સંકળાયેલ હોઈ શકે છે.

## રક્ષા શક્તિ ગુરુકુળમાં બાળકોને ચકલીના માળા અપાયા...



## પર્યાવરણ જાગૃતિ માટે ચલાલા શાળામાં અનોખું આયોજન

ધારી તાલુકાના ચલાલા ખાતે આવેલી રક્ષા શક્તિ ગુરુકુળ શાળામાં પર્યાવરણ જાગૃતિ માટે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓને ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરાયું હતું. આ પહેલનો ઉદ્દેશ્ય બાળકોમાં પક્ષીઓ પ્રત્યે સંવેદનશીલતા કેળવી પર્યાવરણ સંરક્ષણમાં તેમનો ફાળો સુનિશ્ચિત કરવાનો છે.

આ અભિયાન ભારત સરકાર દ્વારા સન્માનિત મહેશભાઈ મહેતા, શીતલબેન મહેતા અને સંત શ્રી ડોક્ટર રતિદાદાના માર્ગદર્શન હેઠળ ચાલી રહ્યું છે. તેમના સતત પ્રયાસોથી અત્યાર સુધીમાં પાંચ લાખથી વધુ ચકલીના માળાઓનું વિતરણ કરવામાં આવ્યું છે, જે પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે એક નોંધપાત્ર સિદ્ધિ છે.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શિક્ષકોએ બાળકોને ચકલી જેવા નિર્દોષ પક્ષીઓના સંવર્ધન અને તેમને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવા માટે પ્રેરણા આપી હતી. આધુનિક યુગમાં ચકલી જેવી પ્રજાતિઓનું અસ્તિત્વ જોખમમાં હોવાથી આવા પ્રયાસો અત્યંત મહત્વપૂર્ણ બની રહ્યા છે.આ આયોજનથી માત્ર વિદ્યાર્થીઓમાં જ નહીં, પરંતુ સમગ્ર સમાજમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાઈ રહી છે. આવા સેવાકીય કાર્યો દ્વારા આવનારી પેઢીને પ્રકૃતિ સાથે જોડવાનો ઉત્તમ સંદેશ આપવામાં આવી રહ્યો છે.

## સાવરકુંડલા દરબાર શ્રી પીઠાબાપુ વાજસુરભાઈ ખુમાણ વિદ્યાર્થી ભવન ખાતે યોજાયેલ લાઈબ્રેરી હોલ શુભારંભ તેમજ પ્રથમ બેચ ના વિદ્યાર્થી સત્કાર સમારંભ સંતો અને રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો...

■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા કાઠી વિદ્યાર્થી ભવન ખાતે લાઈબ્રેરી હોલ નો શુભારંભ તેમજ પ્રથમ બેચના વિદ્યાર્થીઓનો સત્કાર સમારંભ શ્રી 1008 મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમાં શ્રી 1008 નિર્મળાબા તેમજ પૂજ્ય શેરનાથ બાપુ અને વલકુ બાપુના વરદ હસ્તે લાઈબ્રેરી હોલ ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ પ્રસંગે મહામંડલેશ્વર શ્રી કનીરામ બાપુ સહિતના સંતો દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો બાઢડા થી ઉપસ્થિત પૂજ્ય જ્યોતિ મૈયા શિવ દરબાર આશ્રમ કાના તળાવથી પૂજ્ય ઉષા મૈયા માનવ મંદિરના શ્રી ભક્તિ બાપુ પાળીયાદ થી ભયલુ બાપુ સહિતના સંતો તેમજ રાજ્ય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરીયા અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા એપીએમસી ચેરમેન દીપકભાઈ માલાણી ગોંડલ ધારાસભ્ય ગીતાબેન જાડેજા સહિતના રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું ગરીમા ભેર સ્વાગત કરાયું હતું આ કાર્યક્રમમાં કાઠી ક્ષત્રિય સમાજના અનેક મહાનુભાવો ની ઉપસ્થિતિ માં યોજાયો હતો. મહાનુભાવો ના વરદ હસ્તે દાતાઓ તેમજ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.











## સાવરકુંડલાના લોહાણા પરિવારની અનોખી પહેલ

# સદ્ગત આત્માની સ્મૃતિમાં કુરિવાજોને તિલાંજલિ આપી 856 બોટલ 'નવરત્ન કણ' દ્વારા અબોલ જીવોની સેવા




### "કીડીને કણ અને હાથીને મણ: લોહાણા પરિવારે વેસ્ટેજ બોટલનો સદુપયોગ કરી કરોડો સૂક્ષ્મ જીવો માટે 'જીવદયા'નો સેવાયજ્ઞ આદર્યો"

સદગત આત્માના મોક્ષાર્થે ખોટા ખર્ચ અને કુરિવાજો દૂર કરી, લોહાણા પરિવાર દ્વારા કરવામાં આવેલું અભૂતપૂર્વ 'જીવદયા'નું પ્રેરણાદાયી કાર્ય. સાવરકુંડલાના લોહાણા સમાજના એક પ્રતિષ્ઠિત પરિવાર દ્વારા તાજેતરમાં એક એવી અનોખી પહેલ કરવામાં આવી છે, જે સમાજ માટે માર્ગદર્શક બની રહેશે. પરિવારના એક દિવ્ય આત્માના અવસાન બાદ, પરંપરાગત કુરિવાજો અને નાણાના વ્યયને બદલે આ પરિવારે સેવા અને સમર્પણનો માર્ગ પસંદ કર્યો છે. હાલ પાંચમના પારણાના પવિત્ર અવસરે કરોડો સૂક્ષ્મ જીવોને ભોજન મળી રહે તે માટે આ પરિવારે અત્યંત ઝીણવટભર્યું આયોજન કર્યું હતું. શુદ્ધ ઘીમાં ઘઉં, બાજરો, ચણાનો લોટ, રવો, સીંગદાણા, તલ અને સાકર જેવી નવરત્ન સમાન ખાદ્ય સામગ્રીને ધીમા તાપે શેકીને અત્યંત પૌષ્ટિક 'કણ' તૈયાર કરવામાં આવ્યા હતા. આ મિશ્રણને પ્લાસ્ટિકના પ્રદૂષણને અટકાવવાના હેતુથી, વેસ્ટેજ પાણીની 856 ખાલી બોટલોમાં ભરીને કુદરતી વાતાવરણ માં યોગ્ય જગ્યાએ મૂકવામાં આવી હતી. જેથી કીડી જેવા અસંખ્ય નાના જીવો આહાર મેળવી શકે.

સામાન્ય રીતે સામાજિક રિવાજો પાછળ મોટા ખર્ચાઓ કરવામાં આવતા હોય છે, પરંતુ આ લોહાણા પરિવારે તે નાણાંનો સદુપયોગ કરીને 'કીડીને કણ અને હાથીને મણ'ની કહેવતને સાર્થક કરી છે. સદગત આત્માની પાછળ કરવામાં આવેલું આ કાર્ય અન્ય પરિવારો માટે પણ પ્રેરણારૂપ બન્યું છે.લોહાણા પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે, "અમારા પરિવારના સદગત આત્માને સાચી શ્રદ્ધાંજલિ ત્યારે જ મળે જ્યારે તેમના પરિવારો પરિવારના હાથે અબોલ જીવોની તૃપ્તિ થાય. ખોટા આડંબરો છોડીને જીવદયાનું આ કાર્ય કરવાથી જે આત્મિક સંતોષ મળ્યો છે તે અદ્વિતીય છે."

આ પ્રેરણાદાયી કાર્યની સાવરકુંડલા પંથકમાં ભારોભાર પ્રશંસા થઈ રહી છે અને લોકો આ પ્રેરણાદાયી સેવાને આવકારી રહ્યા છે.

**પાંચમના પારણા નિમિત્તે શુદ્ધ ઘીમાં શેકેલી નવ પ્રકારની સામગ્રી ભરીને પર્યાવરણ અને જીવ રક્ષાનું પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડતો પરિવાર**



# અકસ્માતમાં જીવ ગુમાવનાર ના પરિવારજનોને પૂજય મોરારીબાપુ દ્વારા સહાયતા રૂપી શ્રદ્ધાંજલિ

તાજેતરમાં આફ્રિકા દેશ કેન્યાના વિવિધ વિસ્તારોમાં અતિવૃષ્ટિના કારણે ગંભીર પૂર પરિસ્થિતિ સર્જાઈ હતી. નાઈરોબી, કિસુમુ કાઉન્ટી તથા તાના નદી આસપાસના વિસ્તારોમાં પૂરથી ભારે નુકસાન થયું હતું અને આશરે 110 જેટલા લોકોના દુખદ અવસાન થયાં હતાં. આ દુર્ઘટનાથી પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં પૂજય મોરારીબાપુએ મૃત્યુ પામનારના પરિવારજનોને રૂપિયા 15 હજાર લેખે કુલ રૂપિયા 16.50 લાખની સહાયતા અર્પણ કરી છે. આ સહાયતા રકમ કેન્યા સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા સ્થાનિક ચલણમાં પહોંચાડવામાં આવી છે.ઉત્તર પ્રદેશના મથુરા ખાતે યમુના નદીમાં પ્રવાસીઓની બોટ પલટી જતાં 10 લોકોનાં દુખદ અવસાન થયાં હતાં. લખતર-વિરમગામ હાઈવે પર ગત રાત્રે ટ્રકની અથડામણમાં 7 પદયાત્રીઓનાં સ્થળ પર જ મોત નિપજ્યાં હતાં. આ કરુણાંતિકામાં જીવ ગુમાવનારાના પરિવારજનોને પણ પૂજય બાપુ દ્વારા રૂપિયા 15-15 હજાર સહાયતા રક્ત જાહેર કરી છે.



પ્રતાપ દુધાત
પુર્વ ધારાસભ્યશ્રી


ચંદ્રેશભાઈ રવાણી
કોંગ્રેસ અગ્રણી


મહેશભાઈ જયાણી
કોંગ્રેસ અગ્રણી


કનુભાઈ ડોડીયા
કોંગ્રેસ અગ્રણી

સાવરકુંડલા કોંગ્રેસનાં વોર્ડ નં. ૮ નાં જાગૃત ઉમેદવારો


હર્ષદભાઈ (હસુભાઈ)
ભાઈલાલભાઈ સુચક


મુન્નાભાઈ
ઓઘડભાઈ મેવાડા


રંજનબેન
હસુભાઈ બગડા


હંસાબેન
રમેશભાઈ જયાણી

પ્રકાશક : હસુભાઈ બગડા

આપનો કિંમતી મત કોંગ્રેસના જાગૃત ઉમેદવારોને આપી મતદાનરૂપી સહયોગથી સહભાગી થઈએ...